# વિશ્વવિદ્યાલય કક્ષાએ અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓએ રચેલી કવિતાઓમાં પ્રગટ થતા મનોવૈજ્ઞાનિક આયામો અને તેના શૈક્ષણિક ફલિતાર્થો

કેતુલભાઈ કિરીટભાઈ પરમાર

**સારાંશ**

આજે શાળા કોલેજોમાં વિદ્યાર્થીઓ અભ્યાસની સાથે-સાથે અન્ય પ્રવૃતિઓમાં પણ રસ ધરાવે છે. કેટલાક વિદ્યાર્થીઓમાં સર્જનશક્તિ હોય છે. આ સર્જનશક્તિના આધારે વિદ્યાર્થીઓ અનુભવો દ્વારા, પોતાના ભાવો રજુ કરવા માટે કવિતાની રચના કરે છે. કવિતામાં ભાવો ઊર્મિનું આલેખન હોય છે. કાવ્ય, કલ્પન અને પ્રતીકો વડે પ્રગટ થાય ત્યારે વધારે અસરકારક બને છે. કોઈ પણ ભાષાનું આદિસાહિત્ય મહદઅંશે કવિતાના રૂપમાં જ પ્રગટ થયેલું જોવા મળે છે. કવિતા દ્વારા માનવ સતત ભાવાત્મક વિકાસ અને ભાવાભિવ્યક્તિ સાધવા પ્રયત્નશીલ રહ્યો છે. કવિતા સૌંદર્યાનુભૂતિનું એક ઉચ્ચ પ્રકારનું માધ્યમ છે. માનવ સ્વભાવે જ સૌંદર્યોપાસક અને સૌંદર્યચાહક હોવાથી એણે સદા કવિતાની પણ ઉપાસના કરી છે. આ કારણે જ સાહિત્યની અન્ય વિદ્યાઓની તુલનામાં 'કાવ્ય' સૌથી વધુ હૃદય સ્પર્શાવિદ્યા તરીકે સ્વીકાર્યું છે. કવિતા ઓછા શબ્દોમાં ઘણી અભિવ્યક્તિ કરી જાય છે. જે અભિવ્યક્તિમાં વિદ્યાર્થીઓના મનમાં વિશ્વ કેવું છે? તેની આકાંક્ષાઓ કેવી છે? તેની સંવેદનાઓ, લાગણીઓ કેવી છે? વિદ્યાર્થીઓ કેવા સ્વપ્નો, દિવાસ્વપ્નો, કવિતાઓમાં કેવી રીતે વ્યક્ત કરે છે? અને આ બધા મનોવૈજ્ઞાનિક આયામો શિક્ષણ પર કઈ રીતે અસર કરે છે તેનો પણ ખ્યાલ આવે છે.

**પારિભાષિક શબ્દો :** વિશ્વવિદ્યાલય કક્ષા, મનોવૈજ્ઞાનિક આયામો, શૈક્ષણિક ફલિતાર્થો

## ૧. પ્રસ્તાવના

દરેક વ્યક્તિમાં કંઈકને કંઈક શક્તિ રહેલી હોય છે. વ્યક્તિએ જગતમાં પોતાના વિચારો અને સર્જનમાં કવિતાઓનો પણ સમાવેશ થાય છે. આજના વિદ્યાર્થીઓએ શિક્ષણ મેળવવાની સાથે – સાથે તેઓ પોતાની લાગણીઓ આકાંક્ષાઓ અને ભાવનાઓને પોતે રચેલી કવિતાઓમાં વ્યકત કરે છે. કવિતાનાં સાચા ભાવક થવા માટે કવિતાની સમજ કેળવવી જરૂરી છે. કવિતાની સમજ થોડીક સભાનતા અને તત્પરતાથી અભ્યાસવૃતિ અને વ્યવસ્થિત પ્રયાસ કેળવી શકાય છે. આના આધારે વિદ્યાર્થીનો રસ, રૂચિ, અને તેમનું વલણ જાણી શકાય છે.

કવિતાએ કલા છે અને એવી કૃતિ છે જેનાં માધ્યમથી વિદ્યાર્થી પોતાની પ્રતિભાની સૂઝબૂઝનાં ઉત્તમ ઉપયોગ દ્વારા વાંચનાર સુધી પહોંચવા માટે જુદા જુદા અભિવ્યક્ત સ્વરૂપોની રચના કરે છે. કવિતામાં વિદ્યાર્થીઓ પોતાની ભાવનાઓ પ્રગટ કરે છે.
કવિતાઓ સૌથી વધારે પ્રચલિત અને સ્વીકાર્ય કાવ્ય પ્રકાર છે. કવિતા ઓછા શબ્દોમાં ઘણી અભિવ્યક્તિ કરી જાય છે. તે અભિવ્યક્તિમાં તે વિદ્યાર્થી જે રીતે જગતને જુએ છે. વિદ્યાર્થીઓના મનમાં વિશ્વ કેવું છે? તેની આકાંક્ષાઓ કેવી છે? તેની સંવેદનાઓ લાગણીઓ કેવી છે? વિદ્યાર્થીઓના કેવા સ્વપ્નો, દિવાસ્વપ્નો કવિતાઓમાં કેવી રીતે વ્યક્ત કરે છે? જેનો ખ્યાલ આવે છે અને આ બધા મનોવૈજ્ઞાનિક આયામો શિક્ષણ પર કઈ રીતે અસર કરે છે. જેનો પણ ખ્યાલ આવે છે.

## ૨. સંશોધનના હેતુઓ

૧. વિશ્વવિદ્યાલય કક્ષાના વિદ્યાર્થીઓએ રચેલી કવિતાઓ એકત્ર કરવી.
૨. વિશ્વવિદ્યાલય કક્ષાના વિદ્યાર્થીઓએ રચેલી કવિતાઓમાં પ્રગટ થતા મનોવૈજ્ઞાનિક આયામોનો અભ્યાસ કરવો.
૩. વિશ્વવિદ્યાલય કક્ષાના વિદ્યાર્થીઓએ રચેલી કવિતાઓમાં પ્રગટ થતા મનોવૈજ્ઞાનિક આયામોને આધારે શૈક્ષણિક ફલિતાર્થો તારવવા.

**૩. સંશોધનના પ્રશ્નો**

૧. મનોવૈજ્ઞાનિક આયામો એટલે શું?

૨. વિદ્યાર્થીઓ કવિતામાં કેવા ખ્યાલો વ્યક્ત કરે છે?

૩. કવિતાઓમાં કેવા પ્રકારના ભાવ રહેલા છે?

૪. કવિતાઓમાં વિદ્યાર્થીઓની કેવા પ્રકારની લાગણીઓ વ્યક્ત થાય છે?

૫. કવિતાઓમાં વિદ્યાર્થીઓની કેવા પ્રકારની આકાંક્ષાઓ વ્યક્ત થાય છે?

૬. વિદ્યાર્થીઓની કાવ્ય રચના પરથી તેમના વ્યક્તિત્વનો કેવો ખ્યાલ ઊભો થાય છે?

૭. કવિતાઓમાં કેવા પ્રકારના મનોવૈજ્ઞાનિક આયામો પ્રગટ થાય છે?

**૪. સંશોધનનું મહત્વ**

૧. કવિતાના આધારે વિદ્યાર્થીઓના મનોવૈજ્ઞાનિક આયામો જાણી શકાય.

૨. વિદ્યાર્થીઓની લાગણીઓ, રસ, રૂચિ, આકાંક્ષાઓ અને વલણ જાણી શકાય.

૩.વિદ્યાર્થીઓના મનોવૈજ્ઞાનિક આયામો શિક્ષણ પર કઈ રીતે તેની અસર થાય છે તે જાણી શકાય.

૪. વિદ્યાર્થીઓનું વ્યક્તિત્વ જાણી શકાય.

**૫. સંશોધન પદ્ધતિ**

પ્રસ્તુત સંશોધનમાં વિધાર્થીઓએ રચેલ કવિતાઓમાં પ્રગટ થતા મનોવૈજ્ઞાનિક આયામો જાણવા તેમજ તેનું વિશ્લેષણ કરવાના ઉદ્દેશથી સર્વેક્ષણ સંશોધન પદ્ધતિ હાથ ધરવામાં આવેલ છે.

**૬. સંશોધનનો નમૂનો**

પ્રસ્તુત સંશોધનમાં સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાંથી ૧૦ વિદ્યાર્થીઓની કવિતાઓ લઈ તે કવિતાઓના આધારે વિદ્યાર્થીઓના મનોવૈજ્ઞાનિક આયામો અને શૈક્ષણિક ફલિતાર્થો તારવવા.

**૭. માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન**

| ક્રમ | કવિતાનું નામ | આયામ | અભિવ્યક્તિ |
|---|---|---|---|
| ૧. | દેખાય અલગ ગુજરાતી | હકારાત્મક વલણ,બહિર્મુખી વ્યક્તિત્વ, સમાયોજન | ♦જીવનમાં જે વસ્તુ જેટલી મળી છે તેનાથી સંતોષ અનુભવવાની વાત અહીં છે. તેમજ ગુજરાતીઓના વિશ્વાસ અંગે વાત કરી છે.<br>♦કવિતામાં ગુજરાતી લોકોની રીત-ભાત, ખાન-પાન, શિક્ષણ વગેરેની વાત છે. તેમજ બધી જ જગ્યાએ સહજતાથી વર્તી શકવાની વાત છે.<br>♦કાવ્યમાં ગુજરાતી લોકો દરેક જગ્યાએ ભળી જાય છે અને અનુકૂલન સાધી લે છે. |
| ૨. | એવું કેમ પ્રભુ, એવું કેમ? | જિજ્ઞાસા, તર્ક, વાસ્તવિકતા | ♦અહીં જીવનમાં જે થઈ રહ્યું છે, ભેદભાવ છે, તફાવત છે. તેના વિશે ઈશ્વરને પ્રશ્નો પૂછી ને જાણવાની ઈચ્છા વ્યક્ત થઈ છે.<br>♦અહીં જીવન અને વાસ્તવિક પરિસ્થિતિઓ પર તર્ક (ચિંતન) કરવામાં આવ્યું છે. |
| ૩. | પ્યારની નિશાની | પ્રત્યક્ષીકરણ, પ્રેમની જરૂરિયાત, સંવેગિક, | ♦અહીં તાજમહલને પ્રતિક રૂપે લઈ પ્રેમની અભિવ્યક્તિ કરવામાં આવી છે. તેમજ વાસ્તવિકતા પર ભાર આપી તેનું અર્થઘટન કર્યું છે. |

| | | | |
|---|---|---|---|
| | | કટાક્ષનો ભાવ | ♦કાવ્યમાં હતાશા, દુઃખ, વિરહ-વેદના જેવા સંવેગોનો ઉલ્લેખ કર્યો છે. |
| ૪. | વિશ્વ એક પરિવાર | આશાવાદી, ભાવાત્મક સંબંધ , હકારાત્મક અભિગમ | ♦કવિતામાં વિશ્વને એક ઘર તરીકે જોવામાં આવ્યું છે. તેમજ દરેક બાબત જેવી કે એકતા, અખંડીતતા, જીવન,સહારો વગેરે જેવી બાબતોમાં હકારાત્મક અભિગમ જોવા મળે છે.<br>♦કવિતામાં સુખ, દુઃખ, રાગ, ઈર્ષા વગેરે ભાવોની વાત છે. |
| ૫. | હું મૌન છું | નિરાશા, હતાશા, અપાનુકૂલન, અંતર્મુખી વ્યક્તિત્વ | ♦અહીં પોતાના જીવનથી ખૂબ જ નિરાશ છે. કેમ કે લોકો તેને સમજી શકતા નથી.<br>♦વિરહની વેદના જોવા મળે છે. બીજા વ્યક્તિ સાથે અનુકૂલન સાધી શકતાં નથી. |
| ૬. | ચાલશે | અનુકૂલન, ભાવાત્મક સંબંધ | ♦અહીં પ્રેમની અખૂટ લાગણી દર્શાવી છે. દરેક પરિસ્થિતિનો સ્વીકાર કરી તેમાં અનુકૂલન સાધવાની વાત કરવામાં આવી છે. |
| ૭. | યાદોનો સહારો | સ્મૃતિ, આશાવાદી | ♦પોતાના પ્રિય પત્રને યાદ કરે છે. તેમજ તેને યાદ કરી ખુશ રહેવાનો પ્રયત્ન કરે છે. |
| ૮. | તમારી ચાહમાં | ઈચ્છા, કલ્પના | ♦કવિતામાં પોતાના પ્રિયપાત્રને ખુશ રાખવા માટે નદી બની સાગરને મળવા માંગે છે, વાદળ બની વરસવા માંગે છે,જ્યોત બની જીવનમાં રોશની લાવ માંગે છે, વગેરે જેવી ઈચ્છાઓ ધરાવી કલ્પના જગતમાં રચ્યા રહે છે. |
| ૯. | હશે એવી ક્ષણ | પ્રેમની જરૂરીયાત, હકારાત્મક અભિગમ, આશાવાદી | ♦અહીં ભવિષ્યની કલ્પના કરવામાં આવી છે તેમજ પ્રેમનું આગમન થશે તેવી વાત રજુ થઈ છે.<br>♦કવિતામાં સારી બાબતો વિચારીને સુખ અનુભવવાની વાત કરી છે. |
| ૧૦. | જીંદગી | સ્મૃતિ, હતાશા, વાસ્તવિકતા | ♦અહીં સારા સુખના દિવસો યાદ કરવામાં આવ્યા છે.<br>♦કવિતામાં અધૂરા રહી ગયેલા પ્રેમની મર્મસ્પર્શી અભિવ્યક્તિ કરી છે. જેમાં જીવનમાં આવનાર દુઃખ, મૃત્યુ, કર્મોની સજા વગેરે જેવી બાબતોને રજુ કરી છે. |

## ૮. શૈક્ષણિક ફલિતાર્થો

- વિદ્યાર્થીઓમાં તેમની સર્જનશક્તિનો વિકાસ થાય તે માટે વિવિધ પ્રવૃતિઓ કરાવવી જોઈએ.
- શાળામાં તથા અધ્યાપન કાર્ય દરમ્યાન શિક્ષકે એવું વાતાવરણ ઉભું કરવું જોઈએ કે જેથી વિદ્યાર્થી-વિદ્યાર્થી, શિક્ષક-વિદ્યાર્થી, વિદ્યાર્થી-આચાર્ય સાથે ભાવાત્મક સંબંધ કેળવાય.
- પાઠ્યપુસ્તકમાં મન, આવેગ, પ્રેરણા, શારીરિક વર્તન-પરિવર્તન પાત્રોના સંઘર્ષો વગેરે જયારે મુદ્દા ભણાવવાના હોય ત્યારે તે પરત્વે તેના કારણોની ચર્ચા અને તેના ઉપચાર માટેનાં સર્જનાત્મક ઉપાયોને લગતી વ્યવહારસૃષ્ટિ શિક્ષકોએ રચવી.
- વિદ્યાર્થીઓમાં તર્કશક્તિનો વિકાસ થાય તે માટે શાળામાં વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવું જોઈએ.
- શિક્ષકે વિદ્યાર્થીઓનો રસ, રુચિ, તેમનું વલણ જાણીને તે પ્રમાણેનું માર્ગદર્શન અને અધ્યાપન કાર્ય કરાવવું જોઈએ.
- વિદ્યાર્થીઓ કવિતાઓ ઉપરાંત લેખો, વાર્તાઓ, અને નવલકથાઓનું સર્જન કરતા થાય તે માટે પ્રોત્સાહન આપવું જોઈએ.
- વિદ્યાર્થીઓમાં હકારાત્મક વલણ કેળવાય અને શિક્ષણમાં તેનો ઉપયોગ કરતા થાય તેવા પ્રયત્નો કરવા જોઈએ.
- શિક્ષકે વિદ્યાર્થીઓની બૌદ્ધિક ક્ષમતાને જાણીને તે પ્રમાણેનું અધ્યાપન કાર્ય કરવું જોઈએ.

**સંદર્ભસૂચિ**


1. ઉચાટ, દિનેશચંદ્ર.એ (૧૯૯૭). સંશોધન સમસ્યા પસંદગીના સૈદ્ધાંતિક અને વ્યવહારુ આધારો. (પ્રથમ આવૃત્તિ), રાજકોટ : પારસ પ્રકાશન.
2. જોશી, ચંદ્રકાન્ત (૧૯૯૪).કાવ્ય આસ્વાદ. (પ્રથમ આવૃત્તિ), અમદાવાદ : પાર્થ પ્રકાશન
3. દેસાઈ, હેમંત. (૧૯૭૪). કવિતાની સમજ. (પ્રથમ આવૃત્તિ), અમદાવાદ : પ્રફુલચંદ્ર સી. શાહ
4. દેસાઈ, કૃષ્ણકાન્ત ગો. (૨૦૦૧). મનોવૈજ્ઞાનિક પરિભાષા અને વિભાવના. (દ્વિતીય આવૃત્તિ), યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ